**તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ. નામજોગ (વ્યકિતગત)/મંડળી મારફત ખેડુત ખાતેદાર માટે ટ્રેકટર,ટ્રેલર,ખેતિવિષયક ફોર વ્હીલર (બોલેરો કેમ્ફર)તથા અન્ય આનુસાંગિક યાંત્રિક બિન યાંત્રિક સાધનો ખરીદવા માટેની ધિરાણનિતિ**

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | • ખેતીવિષયક યાંત્રિક બિનયાંત્રિક સાધનો ખરીદવા માટે ધિરાણની સુવિધા પૂરી પાડવા માટે |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | અરજદાર નીચે મુજબની કોઈપણ એક લાયકાત ધરાવતો હોવો જોઈએ.<br>૧. ખેડુત ખાતેદાર હોવો જોઈએ.<br>૨. અરજદારની જમીનમાં બોર હોય અને થ્રી ફેસ લાઈટ કનેકશન ધરાવતા હોયતો ત્રણ એકર જમીન,અન્ય સ્ત્રોતથી પિયત થતી હોય તો ૫ એકર તથા કપીત ૮ એકર જમીન ધરાવતો હોવો જોઈએ.જો જમીન ખુટતી હોય તો બીજા ખેડૂતની જમીન આપી શકશે.આ જમીન પર પણ બોજો નોંધાવવાનો રહેશે.<br>૩. વ્યકિતગત લોન કેશમાં અરજદાર/જામીનોને બેંકના નોમીનલ સભ્ય બનાવવાના રહેશે.મંડળી મારફતે ધિરાણ મેળવવા માટે અરજદાર તથા જામીનો મંડળીના સભ્ય હોવા જોઈએ.<br>• કાર્ય વિસ્તારનો રહેવાસી હોવો જોઈએ.<br>• અરજદાર પોતે અથવા કુટુંબનું કોઈપણ સભ્ય વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવતો હોવો જોઈએ.અપવાદ રૂપ કિસ્સામાં છુટછાટ આપી શકાશે.<br>• અરજદાર/સહઅરજદારની ઉંમર ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીની હોવી જોઈએ. પરંતુ અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો ઘરના અન્ય કોઈ નાની ઉમરના વ્યસ્ક સભ્યને સહઅરજદાર બનાવવાના રહેશે.<br>• અરજદાર અન્ય મંડળી કે બેંકનો બાકીદાર ન હોવો જોઈએ પરંતુ આ હેતુ સિવાય અન્ય હેતુ માટેની લોન મેળવેલ હશે અને તે લોન મુદતવિતિ નહી હોય તો લોન આપી શકાશે. |
| ૩ | રીપેઈંગ કેપેસીટી | • અરજદારની વાર્ષિક આવકના વધુમા વધુ ૩ ગણી લોન આપી શકાશે .લોન મેળવવા માટે વાર્ષિક આવક ઓછામા ઓછી રૂા.૩,૦૦,૦૦૦/– ની હોવી જોઈએ. |
| ૪ | માર્જીન | • માન્ય GST નંબર ધરાવતા ડીલર્સના કવોટેશન મુજબ વાહનની મુળ કિંમતના ૨૦% માર્જીન રહેશે. |
| ૫ | લોનની મર્યાદા | • લોનની મહતમ મર્યાદા રૂા.૧૦,૦૦,૦૦૦/– અથવા અરજદારની વાર્ષિક આવકનાં વધુમાં વધુ ત્રણ ગણી રકમ લોન પેટે મંજુર કરી શકાશે. |
| ૬ | મુદત/ હપ્તાની સંખ્યા | • મુદત પાંચ વર્ષની રહેશે હપ્તા માસિક,ત્રિમાસિક,અર્ધ વાર્ષિક,કે વાર્ષિક રાખી શકાશે. |
| ૭ | જામીનગીરી | • બેંકને માન્ય હોય તેવા બે સધ્ધર જામીન મિલ્કત/ખેતીની જમીન ધરાવતા હોય તેના આધારો સાથે આપવાના રહેશે. જેમને નોમીનલ સભ્ય બનાવવાના રહેશે. અને મંડળી માફરતે ધિરાણ મેળવવાના કિસ્સામાં જામીનો મંડળીના સભ્યો હોવા જોઈએ. |
| ૮ | લોન અરજી સાથે બીડવાના આધારો. | • બેંકના નમુનામાં અરજી<br>• અરજદાર અને બે જામીનદારના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ<br>• અરજદાર તથા જામીનના આઈ.ડી.પ્રુફ,અને એડ્રેસ પ્રુફ (આધાર કાર્ડ,પાન કાર્ડ, ચુંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ,પાસપોર્ટની નકલ)<br>• અરજદાર ખેડુત હોય તો વાર્ષિક આવકનો દાખલો.<br>• માન્ય GST નંબર ધરાવતા ડીલર્સનું કવોટેશન<br>• તા.૧૬/૦૮/૨૦૧૮ના પત્ર મુજબ CIBIL રીપોર્ટ કઢાવ્યા બાદ જ અરજી અત્રે મોકલવાની રહેશે.CIBIL રીપોર્ટનો ચાર્જ રૂા.૨૫૦/– અરજદાર પાસે વસુલ કરી મુખ્ય કચેરી ભુજના જી.એલ. હેડમાં પરિપત્ર મુજબ જમા આપવાના રહેશે.<br>• અરજદાર / જામીનદારની મિલ્કત/ખેતીની જમીનના આધારોની નકલ.<br>• જામીનદારોનું લેખિત સંમતી પત્ર<br>• અરજદારની જમીન સંયુકત હોય તો નિયત નમુનામાં મુખત્યાર નામું અને તમામ જમીન ધારકને બેંકના નોમીનલ સભાસદ બનાવવાના રહેશે.<br>• અરજદારની જમીન ઉપર અન્ય બેંકનો કે મંડળીનો બોજો હશે તો નો–ડયુ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. તથા સીબીલ રીપોર્ટ |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

| ક્રમ | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૯ | ચકાસણી ફી | • નામજોગ (વ્યકિતગત) અરજદારો પાસેથી રૂા.૧૦૦૦/—+ GST ચકાસણી ફી આકારવાની રહેશે.સહકારી મંડળીઓ મારફત થયેલ તેના સભાસદોને ધિરાણના કીસ્સામાં રૂા.૫૦૦/—+ GST ચકાસણી ફી આકારવાની રહેશે. |
| ૧૦ | લોન આપતા સમયે કરવાની થતી કાર્યવાહી | • માર્જીનની રકમ અરજદારના બચત ખાતામાં ભરવાની રહેશે.<br>• જે વેપારીનું કવોટેશન રજુ થયેલ હશે તેને પુરી રકમનો પે—ઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટ ઈસ્યુ કરવાનો રહેશે.<br>• ડીમાન્ડ ડ્રાફટના કમીશનની રકમ અરજદારે ભોગવવાની રહેશે. |
| ૧૧ | લોન ધિરાણ સમયે લેવાના દસ્તાવેજ | • હપ્તા વાઈઝ પ્રોમીશરી નોટસ,<br>• ડીમાન્ડ વચનચીઠ્ઠી<br>• કન્ટીન્યુઈંગ ગેરેન્ટી બોન્ડ,<br>• ધિરાણની શરતો માન્ય રાખવાનું કબુલાતનામું<br>• આર.ટી.ઓ.ફોર્મ નંબર.૨૯,૩૦,૩૪,૩૫,૨૦,૨૬ તેમજ જરૂરી અન્ય કોરા ફોર્મમાં સહી મેળવી લેવાની રહેશે.અને તે શાખાની ફાઈલે રાખવાની રહેશે.<br>• જરૂરીયાત મુજબના અરજદારના ખાતાના એડવાન્સ સહી કરેલા ચેકો.<br>• અરજદાર ખેતીની જમીન પર બોજા નોંધ માટે એકરારનામા. |
| ૧૨ | લોન ઉપાડ બાદ રજુ કરવાના આ ધારો | • વાહન ખરીદીનું બીલ<br>• માન્ય ડીલરને પરબારે કરેલ ચુકવણાની પહોંચ<br>• વાહન રજીસ્ટ્રેશન કરાવેલ આર.સી.બુકની નકલ,હાઈપોથીકેશનની(HP)નોંધ સાથે<br>• લોનથી ખરીદાયેલ વાહનનો ફુલ વીમો,વીમા પોલીસી બેંકના ફેવરમાં એસાઈન કરાવવી.<br>• વાહનનું બેંકની ફેવરમાં HP કરાવવાનું રહેશે.<br>• ખેતીની જમીન પર બોજા નોંધ વાળા ૭/૧૨,૮—અ |
| ૧૩ | સીકયોરીટી | • અરજદારની ખેતિની જમીન પર બોજાની નોંધ.આ સીકયોરીટી લોન આપતા પહેલા મેળવી લેવાની રહેશે.<br>• અરજદારની સહી કરેલા એડવાન્સ ચેકો<br>• વાહનનું બેંકની ફેવરમાં HP |
| ૧૪ | શેર / ડીપોઝીટ | • મંડળી મારફતે ધિરાણ મેળવવાના કિસ્સામાં અન્ય મેળવેલ લોન સામેના નિયમ મુજબની મર્યાદાના બેંક શેર સીવાય વધારાના ૨ % બેંક શેર ધરાવતા હોવા જોઈએ. |
| ૧૫ | વ્યાજનો દર | • બેંકના પ્રવર્તમાન વ્યાજના દરે ધિરાણ થશે |
| ૧૬ | વ્યાજની આકરણી | • અર્ધ વાર્ષિક ધોરણે કરવામાં આવશે. |
| • બેંક તરફથી આ નિતિ અંગે જે કંઈ ફેરફાર કે વધારાની શરતો નકકી કરવામાં આવે તે બંધનકર્તા રહેશે. | | |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

ચીફ એકઝીકયુટીવ ઓફિસર